Extra No. 634

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LVII ] TUESDAY, NOVEMBER 15, 2016/KARTIKA 24, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-B**

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts**

શ્રમ અને રોજગાર

**જાહેરનામું**

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી નવેમ્બર, ૨૦૧૬

**મજુર કલ્યાણ ફંડ (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૦૫.**

**કેએચઆર-૧૯૬-૨૦૧૬-કકબ-૧૦-૨૦૧૬-૧૯૦૭૨૨-મ.૪.–** મજુર કલ્યાણ ફંડ અધિનિયમ, ૧૯૫૩ ની કલમ-૬(બી) અંતર્ગત કામદાર ફાળા, માલિક ફાળા તથા સરકારશ્રીના ફાળા એમ ત્રિપક્ષીય ફાળો ઉઘરાવવામાં આવે છે તથા આ એકત્રિત ફંડ માંથી ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદ દ્વારા સંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓ માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ ચલાવવામાં આવે છે.

મજુર કલ્યાણ ફંડ (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ના સુધારા ક્રમાંક ૪ થી કરવામાં આવેલ જોગવાઇ મુજબ કામદાર/માલિક ફાળામાં સુધારો કરી દર છ મહિને એવા દરેક કામદાર દીઠ ત્રણ રૂપિયાના દરે અને માલિકના ફાળાની રકમ દર છ મહિને એવા દરેક કામદાર દીઠ છ રૂપિયાના દરે ફાળો આપવાનું ઠરાવવામાં આવેલ હતું. તથા આ જ સુધારા અન્વયે ભવિષ્યમાં રાજ્ય સરકાર જરૂર જણાયે કામદાર ફાળાનો સદરહુ દર છ રૂપિયા કરતા વધુ નહિ તેટલી તથા માલિક ફાળાનો દર કામદાર ફાળાથી બમણા જેટલી રકમ સુધી વધારી શકશે એમ ઠરાવવામાં આવેલ હતું. કામદાર/માલિક ફાળામાં થયેલ આ વધારાને ૧૦ વર્ષ કરતા વધુ સમય થયેલ હોઇ તથા ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદની યોજનાકીય કામગીરીમાં ઉત્તરોત્તર વધારો ઘણી વૃધ્ધિ થયેલ હોઇ ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદની પ્રવૃત્તિઓ વધુ વેગવંતિ બનાવવાના હેતુથી કામદાર/માલિક ફાળામાં વધારો કરવાની બાબત સરકારશ્રી કક્ષાએ સઘન વિચારણા હેઠળ હતી.

કાળજીપૂર્વકની વિચારણાના અંતે આથી કામદાર/માલિક ફાળામાં નીચે મુજબ વધારો કરવામાં આવે છે.

**"જેનું નામ અનુક્રમે જૂન મહિનામાં અથવા યથાપ્રસંગ, ડિસેમ્બર મહિનામાં સંબંધિત સંસ્થાના રજીસ્ટરમાં હોય તે દરેક કામદાર માટે કામદાર-ફાળાની રકમ, દર છ મહિને એવા દરેક કામદાર દીઠ ૬ રૂપિયાના દરે અને માલિકના ફાળાની રકમ, દર છ મહિને એવા દરેક કામદાર દીઠ ૧૨ રૂપિયાના દરે આપવાની રહેશે."**

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**એસ. એલ. અમરાણી,**
સરકારના સંયુક્ત સચિવ.

---



સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.